GUJARAT UNIVERSITY
Estd. 1949
NAAC GRADE A+

# GUJARAT UNIVERSITY

## DEPARTMENT OF YOUTH WELFARE

Navrangpura, Ahmedabad – 380009
Website: https://www.gujaratuniversity.ac.in
E-mail: dyw@gujaratuniversity.ac.in

યુ.ક. નં/ ૯૮૩ /૨૦૨૫-૨૬ તા: ૧૭-૦૨-૨૦૨૬

વિષય: હિમાલયા કેમ્પ અને ફોરેસ્ટ કેમ્પ અંગે.

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાતા વિવિધ કેમ્પની સફળતા અને વિધાર્થીઓમાં પ્રસરેલી રૂચી જોઈ આગામી મે, જૂન, જૂલાઈ માસ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે નીચે દર્શાવેલ કેમ્પનું આયોજન કરવા વિચારણાધિન છે.

**(૧) હિમાલયા કેમ્પઃ**

હિમાલયા કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી, યુવક કલ્યાણ વિભાગ દ્વારા અગાઉ યોજાયેલ ઓછામાં ઓછા ૨ (બે) કેમ્પમાં ભાગ લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓજ ભાગ લઇ શકશે તેમજ કોલેજ દિઠ ૧ (એક) વિદ્યાર્થી ભાઈ અને ૧ (એક) વિદ્યાર્થીની બહેન ભાગ લઈ શકશે. ગર્લ્સ કોલેજમાંથી ૨ (બે) વિદ્યાર્થીની બહેનો ભાગ લઈ શકશે. અગાઉ જે વિદ્યાર્થીઓએ હિમાલયા કેમ્પ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ હિમાલયા કેમ્પમાં ભાગ લઈ શકશે નહી, તેની ખાસ તકેદારી રાખવી. જે વિદ્યાર્થીઓએ કોલેજ દ્વારા અત્રે ફોર્મ જમા કરાવેલ હશે તેવા વિદ્યાર્થીઓ જ કેમ્પમાં ભાગ લેવા માટેની દોડ કસોટી આપી શકશે. દોડ કસોટી (સિલેક્શન)માં વિદ્યાર્થીઓએ સતત ૩ કિલોમીટર દોડ કસોટી પૂર્ણ કરવાની રહેશે. દોડ કસોટીમાં ગૃપની સંખ્યાને આધિન ક્રમાનુસાર દોડનારનું સિલેક્શન કરવામાં આવશે, જેની નોંધ લેશો. જે વિદ્યાર્થીઓ દોડ કસોટીમાં સિલેક્ટ થયેલ હશે તેઓનો મેડીકલ ટેસ્ટ અત્રેના વિભાગ દ્વારા કરાવવામાં આવશે. મેડીકલી ફીટ વિદ્યાર્થીઓ જ હિમાલય કેમ્પમાં ભાગ લેવા જઈ શકશે. વિદ્યાર્થીઓએ ફોર્મ સાથે અત્રેના વિભાગ દ્વારા યોજાયેલ કેમ્પના ૨ કે તેથી વધુ કેમ્પના સર્ટીફીકેટ જોડવા ફરજીયાત છે, અન્યથા હિમાલયા કેમ્પમાં ભાગ લઈ શકશે નહી,

**(૨) ફોરેસ્ટ કેમ્પઃ**

ફોરેસ્ટ કેમ્પમાં જોડાવા ઉત્સુક કોલેજ દીઠ ૨ (બે) વિદ્યાર્થી ભાઈઓ અને ૨ (બે) વિદ્યાર્થીની બહેનો ભાગ લઈ શકશે. ગર્લ્સ કોલેજમાંથી ૪ (ચાર) વિદ્યાર્થીની બહેનો ભાગ લઈ શકશે. જે વિદ્યાર્થીઓએ અગાઉ ફોરેસ્ટ કેમ્પમાં ભાગ લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ ફરી વખત ફોરેસ્ટ કેમ્પમાં ભાગ લઈ શકશે નહી. જે વિદ્યાર્થીઓએ કોલેજ દ્વારા અત્રે ફોર્મ જમા કરાવેલ હશે તેવા વિદ્યાર્થીઓ જ કેમ્પમાં ભાગ લેવા માટેની દોડ કસોટી આપી શકશે. દોડ કસોટી (સિલેક્શન)માં વિદ્યાર્થીઓએ સતત ૨ કિલોમીટર દોડ કસોટી પૂર્ણ કરવાની રહેશે. દોડ કસોટીમાં ગૃપની સંખ્યાને આધિન ક્રમાનુસાર દોડનારનું સિલેક્શન કરવામાં આવશે, જેની નોંધ લેશો.

ઉપરોક્ત કેમ્પમાં જોડાવવા ઉત્સુક, ખડતલ, નીડર તેમજ સાહસિક અને શિબિર જીવનની અગવડતાઓ વેઠવા તૈયાર હોય તેવા વિદ્યાર્થીઓને જ કેમ્પમાં ભાગ લેવા માટે મોકલવા. ઉપરોક્ત દર્શાવેલ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓની આપની કોલેજમાંથી પંસદગી કરી આ સાથે સામેલ **વિદ્યાર્થીઓના ફોર્મ ભરીને કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે તા. ૦૬-૦૩-૨૦૨૬ ના રોજ બપોરે ૪-૦૦ કલાક સુધીમાં યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી ખાતે મોકલી આપવા વિનંતી.**

# GUJARAT UNIVERSITY

## DEPARTMENT OF YOUTH WELFARE

GUJARAT UNIVERSITY
Estd. 1949
NAAC GRADE A+

Navrangpura, Ahmedabad – 380009
Website: https://www.gujaratuniversity.ac.in
E-mail: dyw@gujaratuniversity.ac.in

ઉપરોક્ત કેમ્પ માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટેની દોડ કસોટી તા. ૨૨-03-૨૦૨૬ ના રોજ સવારે ૦૭-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટર પાસે, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે, જે ધ્યાને લેશો.

જે વિદ્યાર્થીઓ સિલેક્શનમાં ઉપસ્થિત નહી રહે તેઓનું નામ કેમ્પમાંથી આપોઆપ રદ થઈ જશે, જે ધ્યાને લેવા વિનંતી. પસંદગી સ્થળે વિદ્યાર્થીઓએ દોડ કસોટીને અનુકુળ ગણવેશમાં તેમજ સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. સિલેક્શન અને કેમ્પ દરમ્યાન કુદરતી કે કુત્રીમ રીતે થતા કોઈ પણ અકસ્માત, હાનિ કે મૃત્યુ થાય તો તેની સઘળી જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે અને સારવારનો પુરેપુરો ખર્ચ પણ જે તે વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો રહેશે. **વિદ્યાર્થીઓએ પોતાનું ઓરીજીનલ ઓળખપત્ર હાર્ડકોપીમાં સાથે રાખવું ફરજીયાત છે. કોલેજના ઓળખપત્ર વગર દોડ કસોટીમાં પ્રવેશ આપવામાં આવશે નહી, તેની ખાસ તકેદારી રાખવી.** વધુમાં જણાવવાનું કે વિદ્યાર્થીઓએ પોતાની જરૂરીયાત અનુસાર ગ્લુકોઝ, ORS અને લીંબુ શરબત સાથે રાખવાનું રહેશે, જેની નોંધ લેશો. અમદાવાદ સિવાયના વિદ્યાર્થીઓ મોડામાં મોડુ સવારે ૦૭-30 કલાક સુધીમાં રીપોર્ટીગ કરી શકશે.

શિબિર કે સિલેક્શન સ્થળે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે અથવા કોલેજે ભોગવવાનો રહેશે. જયારે યુનિવર્સિટી તરફથી રહેવા, જમવા તથા તાલીમની સગવડ શિબિરના સ્થળે કરવામાં આવશે. ઉપરોક્ત શિબિરોના સંચાલક તરીકે નાયબ નિયામક, યુવક કલ્યાણ કે તેમના પ્રતિનિધિ રહેશે. હવે પછીનો પત્રવ્યવહાર તથા શિબિર અંગેની તમામ માહિતી વિદ્યાથીઓના E-MAIL ID પર મોકલી આપવામાં આવશે.

ઉપરોક્ત બાબત વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા બાદ જ કોલેજના તમામ વિદ્યાર્થીઓના ફોર્મ એક જ ફોરવર્ડીગ લેટર સાથે મોકલવા.

નોંધઃ (૧) એક વિદ્યાર્થી કોઈ પણ એક કેમ્પમાં જ ભાગ લઈ શકશે, જેની ખાસ નોંધ લેવી

(૨) ઉપર દર્શાવ્યા મુજબની વિદ્યાર્થીઓની નિયત સંખ્યા કરતા વધારે નામો મોકલવા નહી, તેની ખાસ તકેદારી રાખવી.

(3) કોલેજમાંથી ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓના ફોર્મ એક સાથે કોલેજના ફોરવર્ડીગ લેટર સાથે મોકલી આપવાના રહેશે, જેની નોંધ લેવી.

(૪) દરેક વિદ્યાર્થીએ દોડ કસોટીની પ્રેક્ટીસ કરી કસોટી આપવા આવો તે અત્યંત જરૂરી છે. સિલેક્શન અગાઉ દરેક વિદ્યાર્થીઓએ કાર્ડીયાક ટેસ્ટ અને ફિટનેશ ટેસ્ટ કરાવવો હિતાવહ છે.

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામકયુવક કલ્યાણ

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

# GUJARAT UNIVERSITY
## DEPARTMENT OF YOUTH WELFARE

### APPLICATION FORM

(NOTE : FORMS FILL IN THE CAPITAL BLOCK LETTERS )

CAMP NAME:

PASTE YOUR RECENT PASSPORT SIZE PHOTOGRAPH SIGNED BY PRINCIPAL

1 STUDENTS FULL NAME:

SURNAME:

NAME:

FATHERS NAME:

2 STUDENTS ADDRESS:

Pin Code :

3 NAME OF THE COLLEGE:

4 ENROLLMENT NO. :

5 STUDYING CLASS :

6. STUDYING SEM :

7 CONTACT NO. (M) :

8 GUARDIAN'S CONTACT NO.

9 CATEGORY ( GENERAL / OBC / SC / ST )

10 E-MAIL (COMPULSORY) :

11 DATE OF BIRTH:

12 AGE:

13 TRACKSUIT SIZE ( TICK (√) MARK ON SIZE):

| 36 | 38 | 40 | 42 | 44 |
|---|---|---|---|---|
| (S) | (M) | (L) | (XL) | (XXL) |

14 SHOES SIZE ( TICK (√) MARK ON SIZE): 4 5 6 7 8 9 10 11 12

(SIGNATURE OF STUDENT)

I hereby certify that the above mentioned information is correct as per our college record and best of my knowledge and belief.

(PRINCIPAL SIGNATURE & SEAL)